**તંત્રની ઘોર બેદરકારી** | લાખોના ખર્ચે બનેલા માર્ગ પર મસમોટું ગાબડું

# ડાકોરનો 'આઈકોનિક'રોડ બન્યો 'ખાડાગ્રસ્ત'

**પાલિકા કચેરીથી** માત્ર ૧૦૦ મીટર દૂર જ જોખમી ખાડો, છતાં અધિકારીઓ કે પદાધિકારીઓને દેખાતો નથી



(પ્રતિનિધિ) ડાકોર તા.૯

યાત્રાધામ ડાકોરમાં લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો 'આઈકોનિક રોડ' હાલ વિવાદોનું કેન્દ્ર બન્યો છે. યાત્રિકોના પ્રવેશ માટેના આ મુખ્ય માર્ગ પર જ એક વિશાળ અને ભયજનક ખાડો પડતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે, નગરપાલિકાની કચેરીથી આશરે માત્ર 100 મીટરના અંતરે જ આ ખાડો હોવા છતાં જવાબદાર અધિકારીઓ કે ચૂંટાયેલા સભ્યોને તે દેખાતો નથી, જેના કારણે સ્થાનિકો અને યાત્રાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ડાકોરમાં પ્રવેશવા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ જે 'આઈકોનિક રોડ'નો ઉપયોગ કરે છે, તે માર્ગ છેલ્લા કેટલાક સમયથી સતત વિવાદોમાં સપડાયેલો છે. લાખોના ખર્ચે બનેલા આ માર્ગ પર ફરી એકવાર મસમોટું ગાબડું પડતા તેની ટકાઉપણું અને કામગીરીની ગુણવત્તા પર શંકાની સોય તણાઈ છે. આ ખાડો વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ છે, તેમ છતાં પાલિકા તંત્ર 'મૂક પ્રેક્ષક' બનીને જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

સ્થાનિકોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે શું ચીફ ઓફિસર અને અન્ય અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યા છે ? જો તંત્ર આ બાબતે સત્વરે પગલાં નહીં ભરે તો આવનારા સમયમાં યાત્રાળુઓ અને સ્થાનિકોની હાલાકીમાં અનેકગણો વધારો થશે.

### ડાકોરમાં પાયાની સુવિધાઓનો અભાવ, અન્ય યાત્રાધામો જેવી કોઇ વ્યવસ્થા નથી

અમદાવાદથી આવેલા યાત્રાળુ રમેશ પટેલે પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, અમે અનેક યાત્રાધામોમાં જઈએ છીએ, પણ ડાકોર જેવી દુર્દશા ક્યાંય નથી. અહીં રસ્તામાં ખાડાઓ છે, પીવાના પાણીની કે શૌચાલયની પણ યોગ્ય વ્યવસ્થા નથી. યાત્રાળુઓને મળવી જોઈતી પાયાની સગવડોનો અહીં સદંતર અભાવ છે.

### સળગતા સવાલો

- **ભ્રષ્ટાચારની ગંધ :** લાખોના ખર્ચે બનેલો રોડ ટૂંકા સમયમાં જ કેમ તૂટી ગયો?
- **નિષ્ક્રિય તંત્ર :** પાલિકા ભવનથી માત્ર 100 મીટર દૂર હોવા છતાં અધિકારીઓની નજર કેમ નથી જતી ?
- **યાત્રાળુઓની સુરક્ષા:** લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન ડાકોરમાં સુવિધાઓના નામે મીંડું કેમ?

'જન આક્રોશ' કાર્યક્રમ હેઠળ ગેસ-તેલના ડબ્બા સાથે અનોખો વિરોધ

# નડિયાદમાં મોંઘવારી મુદ્દે મંત્રીના કાર્યાલય સામે જ કોંગ્રેસના ધરણા

**મોંઘવારી** ઘટાડવા અને ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા ઉઠી માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૯

નડિયાદની આડીનાર ચોકડી ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓ તથા વધતી મોંઘવારી સામે 'જન આક્રોશ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહુધાના ધારાસભ્ય અને રાજ્યના મંત્રી સંજયસિંહ મહિડાના કાર્યાલય સામે મોટી સંખ્યામાં એકઠા થયેલા કોંગ્રેસના કાર્યકરોએ ઉગ્ર પ્રદર્શન કરી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.આ વિરોધ પ્રદર્શનમાં પૂર્વ ધારાસભ્ય ઈંદ્રજિતસિંહ પરમાર સહિતના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

નડિયાદમાં કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવા માટે અનોખો માર્ગ અપનાવવામાં આવ્યો હતો, જેમાં પ્રદર્શન સ્થળ પર ગેસ સિલિન્ડર, ખાદ્ય તેલના ડબ્બા અને યુરિયા ખાતરની બેગ પ્રતીકરૂપે મૂકીને સરકારની આર્થિક નીતિઓનો સખત શબ્દોમાં વિરોધ કરવામાં આવ્યો હતો. સ્થાનિક આગેવાનોએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, દિન-પ્રતિદિન વધી રહેલી મોંઘવારીએ સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોની આર્થિક કમર તોડી નાખી છે.

ધરણા દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ હાથમાં બેનરો પકડી "જનતા જાગે, ભ્રષ્ટાચારીઓ ભાગે" અને "લૂંટારી સરકાર ભાગે" જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા, જેનાથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. કોંગ્રેસ પક્ષે આક્ષેપ કર્યો હતો કે સરકારની ખોટી નીતિઓને કારણે ખેડૂતો અને સામાન્ય પ્રજા પરેશાન છે. આ કાર્યક્રમ દ્વારા માંગ કરવામાં આવી હતી કે ખેડૂતોના પડતર પ્રશ્નો ઉકેલવામાં આવે અને રોજિંદા જીવનની જરૂરી વસ્તુઓના ભાવ પર તાત્કાલિક કાબૂ મેળવી જનતાને રાહત આપવામાં આવે.

મહીસાગર જિલ્લાના 'નલ સે જલ' કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમનો સકંજો કસાયો

# મહીસાગર ભાજપના પૂર્વ નેતા સહિત વધુ બે સબ કોન્ટ્રાક્ટરોની ધરપકડ

**વીરપુર** પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ પ્રદીપ શેઠ અને નવીન ભરવાડ ઝડપાયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૯

મહીસાગર જિલ્લાના બહુચર્ચિત કરોડો રૂપિયાના 'નલ સે જલ' યોજના કૌભાંડમાં વડોદરા સીઆઈડી ક્રાઈમે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. મુખ્ય કોન્ટ્રાક્ટરો, સરકારી કર્મચારીઓ અને સરપંચો બાદ હવે તપાસનો રેલો પેટા કોન્ટ્રાક્ટરો સુધી પહોંચતા સમગ્ર જિલ્લામાં અને રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સીઆઈડી ક્રાઈમે ગેરરીતિ આચરવાના આરોપસર વીરપુર તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ અને ભાજપ સાથે સીધું જોડાણ ધરાવતા પ્રદીપ કાંતિલાલ શેઠની ધરપકડ કરી છે. આ સાથે જ સરવરિયા ગામેથી અન્ય એક સબ કોન્ટ્રાક્ટર નવીન કુંવરજીભાઇ ભરવાડની પણ ધરપકડ કરવામાં આવી છે.

સીઆઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે, પ્રદીપ શેઠે મુખ્ય એજન્સીઓ - મનહર જેઠા પટેલ, સૂર્યકાંત પટેલ અને રુઘનાથ પરમાર હેઠળ પેટા કોન્ટ્રાક્ટ રાખીને અનેક ગામોમાં કામગીરી સંભાળી હતી. સરસવા, માલવણ, આસુંદરિયા, બોર અને રોઝાવ સહિતના અનેક ગામોમાં અત્યંત હલકી ગુણવત્તાનું કામ કરી અથવા માત્ર કાગળ પર કામ બતાવી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

સત્તાવાર માહિતી મુજબ, નવીન ભરવાડ પાસેથી રૂ. ૩૨.૬૪ લાખથી વધુની રિકવરી બાકી છે. જ્યારે મુખ્ય કોન્ટ્રાક્ટરો પૈકી મનહર જેઠા પટેલ પાસેથી રૂ. ૨.૩૯ કરોડ, સૂર્યકાંત પટેલ પાસેથી રૂ. ૭૩.૬૪ લાખ અને રુઘનાથ પરમાર પાસેથી રૂ. ૨.૮૯ કરોડની રિકવરી બાકી છે.

નોંધનીય છે કે, હાઈકોર્ટે આ કૌભાંડને 'વ્હાઈટ કોલર ક્રાઈમ' ગણાવી પ્રજાના જળ અધિકાર પર તરાપ સમાન ગણાવ્યું હતું અને આગોતરા જામીન અરજીઓ ફગાવી દીધી હતી.

# આણંદ-બોરસદમાં જુગાર રમતા ૧૧ શખ્સો ઝડપાયા

**લોકલ ક્રાઇમ** બ્રાંચે બે દરોડામાં રૂ. ૪૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૯

આણંદ જિલ્લામાં પોલીસ વડાની કડક સૂચનાના પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે અલગ-અલગ સ્થળોએ ૧૧ જુગારી પકડી પાડ્યાં હતાં.

આણંદના ચીખોદરા ગામ પાસે તબેલાની પાછળ ચાલતા જુગારના અડ્ડા પર એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં સ્થળ પરથી ૬ શખ્સોને કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા, જેમાં અનિલ રમણભાઈ પટેલ (ચીખોદરા), વસીમ ઉસ્માનભાઈ વ્હોરા, ઝૂબેર સીરાઝભાઈ વ્હોરા, મુસ્તાક યુસુફભાઈ વ્હોરા, નૌમાન ઝબ્બારભાઈ વ્હોરા અને હનીફ આરીફભાઈ મેમણ (તમામ રહે. આણંદ) નો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને પત્તા-પાના મળી કુલ રૂ. ૨૫,૭૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ ઉપરાંત નપા તાલપદ ગામની અહેમદનગર ભુલઇ કોલોની પાસેના ખુલ્લા ખેતરમાં ચાલતા જુગાર પર ત્રાટકી હતી. જોકે, ભાગવા જતાં ૫ ઈસમોને દોડીને પકડી પાડવામાં આવ્યા હતા. આ શખસોની પૂછપરછ કરતાં મનુ રાવજીભાઈ ઠાકોર, શકીલ મહોમંદખાન પઠાણ, મનુ ઉર્ફે ભલો રાવજીભાઈ ઠાકોર, ધીરેન ઉર્ફે ઘોઘારી હસમુખભાઈ ચૌહાણ અને શહીદ ફકીરભાઈ મહીડા (રહે. બોરીયા)નો સમાવેશ થાય છે. એલસીબીએ કુલ રૂ. ૧૫,૬૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

લુણાવાડાના વરધરીમાં પાણી માટે પ્રજા ત્રાહિમામ, પશુધનની હાલત પણ કફોડી

# વરધરી ગામમાં મહિલાઓએ પંચાયત સામે માટલા ફોડ્યાં

**ગામના** વણકર ફળિયામાં પાણીનું એક ટીપું ન મળતા ગ્રામજનોનો તંત્ર સામે ઉગ્ર આક્રોશ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૯

લુણાવાડાના વરધરી ગામમાં પાણીની ગંભીર સમસ્યાને લઈને આજે ગ્રામજનોનો ધીરજનો ડેમ તૂટ્યો હતો. છેલ્લા લાંબા સમયથી પીવાના પાણી માટે વલખાં મારી રહેલા વણકર ફળિયાના રહીશોએ આજે ગ્રામ પંચાયત કચેરી ખાતે એકઠા થઈને ભારે હોબાળો મચાવ્યો હતો. તંત્રની નિષ્ક્રિયતા સામે પોતાનો રોષ વ્યક્ત કરવા માટે મહિલાઓએ પંચાયત સામે જ માટલા ફોડી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ગામના વણકર ફળિયામાં લાંબા સમયથી પાણીનું એક ટીપું પણ મળ્યું નથી. ઉનાળાની આકરી ગરમી વચ્ચે માત્ર પીવાના પાણીની જ નહીં, પરંતુ કપડાં ધોવા, પશુધનને પીવડાવવા અને પશુઓના ઘાસચારા માટે પણ પાણી ઉપલબ્ધ નથી. ખેતી અને પશુપાલન પર નિર્ભર પરિવારો માટે પોતાના પશુઓને જીવિત રાખવા પણ હવે મુશ્કેલ બની રહ્યા છે, જેના કારણે સ્થિતિ વધુ વણસી રહી છે.

સરપંચ અને તલાટી વિરુદ્ધ સૂત્રોચ્ચાર ગ્રામજનોનો આક્ષેપ છે કે, પાણીની સમસ્યા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવ્યો નથી. તંત્રના ઉદાસીન વલણથી કંટાળેલા રહીશોએ સરપંચ અને તલાટી વિરુદ્ધ મોરચો માંડી ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. ગ્રામજનોએ ચીમકી આપી છે કે જો વહેલી તકે પાણીની સુવિધા પુરી પાડવામાં નહીં આવે તો આગામી સમયમાં આ આંદોલન વધુ તેજ બનશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડામાં મુસ્લિમ એકતા ગ્રુપ અને ઉમ્મત ટ્રસ્ટ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો

**ખેડા |** ખેડાના બહારપુરા ચોકમાં મુસ્લિમ એકતા ગ્રુપ અને ઉમ્મત માનવતા વેલ્ફેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે પ્રથમવાર



રક્તદાન કેમ્પનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સિવિલ અને કેન્સર હોસ્પિટલના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં દાતાઓના સહયોગથી 400 થી વધુ યુનિટ રક્ત એકત્રિત થયું હતું. આ કેમ્પમાં ખેડા ટાઉન પીઆઈ અને પોલીસ સ્ટાફે પણ રક્તદાન કર્યું હતું, જેમાં 177 થી વધુ યુનિટ ખાસ કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ફાળવવામાં આવ્યા છે. એકત્રિત થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે અપાશે.

### માતરના રધવાણજ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણ કરી 'વીર સાવરકર વન'નું નિર્માણ કરાયું



**માતર |** ખેડા જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા માતર તાલુકાના રધવાણજ ગામના સ્મશાનગૃહમાં વૃક્ષારોપણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે 30થી વધુ છોડનું રોપણ કરીને તે સ્થળનું 'વીર સાવરકર વન' તરીકે નામકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાના ઉપપ્રમુખ કુલદીપભાઈ બારોટ અને અમૂલના ડિરેક્ટર ભગવતસિંહ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત સભ્ય રાજુભાઈ પટેલ અને સરપંચ દીપકભાઈ સહિતના કાર્યકરોએ જોડાઈને આ અભિયાનને સફળ બનાવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### લુણાવાડાના વેરીના મુવાડા ગામમાં GNFCની સુવર્ણ જયંતી નિમિત્તે 'કિસાન સંગોષ્ઠિ' યોજાઇ



**લુણાવાડા |** જીએનએફસી કંપનીના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે મહીસાગરના વેરીના મુવાડા ગામે ખેડૂતોને આધુનિક ખેતીનું માર્ગદર્શન આપવા ભવ્ય ખેડૂત સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિક એમ.એચ. પટેલ અને નિષ્ણાતોએ ખેડૂતોને આવક બમણી કરવા અને જમીનની ફળદ્રુપતા જાળવવા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટાડી જૈવિક (ઓર્ગેનિક) ખેતી અપનાવવા અને સ્વાસ્થ્યપ્રદ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખેડૂતોને પ્રોત્સાહિત કરાયા હતા. GNFC અને GAIC ના અધિકારીઓએ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદનો વિશે ખેડૂતોને માહિતગાર કર્યાં હતાં.

### લુણાવાડા સ્ટેટના મહારાજા સાથે સાંસદની મુલાકાત દરમિયાન ૧૨ વર્ષના સુશાસનની થઇ ચર્ચા કરાઇ

**લુણાવાડા |** વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થતા 'વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક અભિયાન' અંતર્ગત પંચમહાલના સાંસદે



વિશેષ મુલાકાત લીધી હતી. સાંસદ રાજપાલસિંહ જાદવ અને અગ્રણીઓએ લુણાવાડાના મહારાજા સિદ્ધરાજ સિંહ સોલંકી સાથે તેમના નિવાસસ્થાને ગરિમાપૂર્ણ સંવાદ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન દેશની અભૂતપૂર્વ વિકાસયાત્રા, જનકલ્યાણકારી યોજનાઓ અને 'વિકસિત ભારત'ના સંકલ્પ પર સકારાત્મક ચર્ચા થઈ હતી. મહારાજાએ લુણાવાડાના ઐતિહાસિક વારસાના જતન અને રાષ્ટ્રની પ્રગતિ માટે પોતાનું માર્ગદર્શન તથા શુભાશિષ પાઠવ્યા હતાં.

### આણંદ કૃષિ યુનિ.ની બાગાયત મહાવિદ્યાલય ખાતે 'વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ'ની ઉજવણી

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ નિમિત્તે ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ




યોજાયો હતો. ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓએ ખાદ્ય ભેળસેળ, FSSAI ના નિયમો અને સુરક્ષિત આહાર પદ્ધતિઓ વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ પ્રસંગે 'ફૂડ સેફટી ઓન વ્હીલ્સ' (FSW) વાન દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવાની પ્રક્રિયાનું જીવંત નિદર્શન કરી પ્રાયોગિક સમજ અપાઈ હતી. પ્રિન્સિપાલ ડો. એન. આઈ. શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં ગ્રાહક અધિકારો અને ખાદ્યજન્ય રોગો સામે જાગૃતિ લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

### આણંદના બાકરોલ ખાતે પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે રાજ્ય સ્તરીય જુડો ટ્રેનિંગ કેમ્પ સંપન્ન

**આણંદ |** સેતુ ટ્રસ્ટ, બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બાકરોલના યુવી સંકુલ




ખાતે પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે વિશેષ જુડો કેમ્પ યોજાયો હતો. આ તાલીમ કેમ્પમાં ગુજરાતભરમાંથી ૪૦ થી વધારે પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચ દ્વારા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી હતી અને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા નિ:શુલ્ક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. સેતુ ટ્રસ્ટના સ્થાપક સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પમાં વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

### આણંદની ડી. એન. હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાં ઉત્સાહભેર પ્રવેશોત્સવની ઉજવણી

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. હાઈસ્કૂલમાં ધોરણ-૬ માં પ્રવેશતા નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી અને મોં મીઠું કરાવીને શિક્ષણ પ્રત્યે ઉમંગ જગાડવા માટે હાર્દિક સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શાળા પ્રત્યે આત્મીયતા વધારવાનો અને શિક્ષણના નવા સોપાનમાં તેમનો ઉત્સાહ વધારવાનો હતો. શાળાના આચાર્ય પ્રતિકભાઈ તથા શિક્ષકગણે નવો પ્રવેશ મેળવનારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદની શિશુવિહાર એવમ નર્સરીમાં ભૂલકાઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરાયું



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શિશુવિહાર એવમ નર્સરીમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે 'પ્રવેશદીન'ની ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી હતી. શાળાના પટાંગણમાં ભૂલકાઓનું પુષ્પગુચ્છ, કુમકુમ તિલક અને આકર્ષક શુભેચ્છાકાર્ડ આપીને પરંપરાગત રીતે ભાવભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને આચાર્ય બેલાબેન પટેલે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર શાળા પરિવારે નવા પ્રવેશ મેળવનાર તમામ બાળકોને પ્રવેશદિનની હાર્દિક શુભકામનાઓ પાઠવી પ્રારંભ કરાવ્યો હતો.

### પેટલાદ લાઈબ્રેરીને સ્વામી સચ્ચિદાનંદજી લિખિત 'સંત પુનિતનો જીવનસંઘર્ષ' પુસ્તક ભેટ મળ્યું



**પેટલાદ |** સ્વામી સચ્ચિદાનંદજીએ પુસ્તકાલયના કારોબારી સભ્ય હર્ષદભાઈ સુથારને પોતાનું નવું પુસ્તક અર્પણ કર્યું હતું. હર્ષદભાઈએ આ પ્રેરણાદાયી પુસ્તક પરીખ સી.કે. લાઇબ્રેરીને સ્મૃતિભેટ આપી જ્ઞાનપ્રસારમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આ પુસ્તક વાચકોને સંત જીવનના આદર્શો, સંઘર્ષમય સફર અને માનવીય મૂલ્યો વિશે ઊંડી પ્રેરણા પૂરી પાડશે. પુસ્તકાલય પરિવારે હર્ષદભાઈના આ ઉમદા કાર્યની પ્રશંસા કરી તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### લુણાવાડામાં વિશ્વ ક્લબફૂટ દિવસ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો



**લુણાવાડા |** લુણાવાડાની આયુષ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે અનુષ્કા ફાઉન્ડેશન દ્વારા જન્મજાત વાંકા પગ (ક્લબફૂટ) ની સમસ્યા અંગે જાગૃતિ લાવવા વિશેષ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓર્થોપેડિક તજજ્ઞ ડો. સંજય પંચાલ અને ટીમ દ્વારા વાલીઓને ક્લબફૂટની વહેલી ઓળખ અને જન્મ સમયથી જ સારવાર શરૂ કરવાના મહત્વ વિશે માર્ગદર્શન અપાયું હતું. તજજ્ઞોએ જણાવ્યું હતું કે ક્લબફૂટ સંપૂર્ણપણે સારવારયોગ્ય છે, પરંતુ શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે ૪ થી ૫ વર્ષ સુધી નિયમિત સારવાર અને ફોલો-અપ લેવું અત્યંત જરૂરી છે.

**જાહેર નિવિદા**

મોજે - ખડોધી તા. ખંભાત જી. આણંદ ગામે ગત નાણાકીય વર્ષ તથા વર્ષ 2026-27માં ગ્રામ પંચાયત ખડોધીએ કરવાના વિકાસના કામો માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બાંધકામના કામો, સેનિટેશનના કામો, બ્લોક પેવીંગના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલ સામાન ખરીદવા માટે માલ સામાન પૂરો પાડનાર, વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે સદરહુ ભાવ પત્રકો નીચેના સરનામે તારીખ 20/06/2026ના રોજ બપોરે 3:00 કલાક સુધી રજી.એ.ડી/સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે નિયત સમય બાદ મળેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

1. કવરના મથાળે વિકાસ કામોના ભાવ પત્રક તેમ લખવાનું રહેશે.
2. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક ગત નાણાકીય વર્ષ અને વર્ષ 2026-27ના મંજુર થયેલ વિકાસ કામો માટે માન્ય રહેશે.
3. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
4. એજન્સીના ભાવપત્રકો મંજુર થયા બાદ ગ્રામ પંચાયત ખડોધીને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત, ખડોધીનો રહેશે.
5. કોઈપણ ભાવ પત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત, ખડોધીનો રહેશે.

**સહી: સરપંચ/તલાટી કમ મંત્રી, ખડોધી ગ્રામ પંચાયત**
સરનામું : ખડોધી ગ્રામ પંચાયત કચેરી, મું.ખડોધી, તા. ખંભાત, જી. આણંદ